R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ


# JYOTI PUNJ

JANUARY - 2019

Total - 40 Pages

Vol No. 62 Issue No.10

## વન્દે માતરમ્



સુજલાં સુફલાં મલયજ-શીતલાં શસ્ય-શ્યામલાં માતરમ્

શુભ્ર-જ્યોત્સ્ના-પુલકિત-યામિની ફુલ્લકુ-સુમિત-દ્રુમદલ-શોભિનીમ્

સુહાસિની સુમધુર-ભાષિણીં સુખદાં વરદાં-માતરમ - વન્દે ૦

સપ્તકોટી - કંઠ - કલકલ - નિનાદ - કરાલે

દ્વિસપ્તકોટિભુજૈધૃત - ખર - કરવાલે

કે બોલે મા તુમિ અબલે ? અબલા કેન મા એત બલે !

બહુબલ-ધારિણી નમામિ તારિણીં રિપુદલ-વારિણીં -માતરમ્ - વન્દે ૦

તુમિ વિદ્યા, તુમિ ધર્મ, તુમિ હૃદિ, તુમિ મર્મ

ત્વં હિ પ્રાણાઃ શરીરે

બાહુતે તુમિ મા શક્તિ, હૃદયે તુમિ મા ભક્તિ ?

તોમારઈ પ્રતિમા ગડિ મન્દિરે મન્દિરે-માતરમ - વન્દે ૦



ત્વં હિ દુર્ગા દશપ્રહરણ-ધારિણી, કમલા કમલદલવિહારિણી,

વાણી વિદ્યાદાયિની, નમામિ ત્વામ્

નમામિ કમલાં અમલાં અતુલાં સુજલાં સુફલાં-માતરમ - વન્દે ૦

શ્યામલાં સરલાં સુસ્મિતાં ભૂષિતાં ધરણી ભરણી માતરમ્ - વન્દે માતરમ ૦

સંકલન

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

અમને જણાવતા આનંદ થાય છે કે **શ્રી વિપુલભાઈ બાબુલાલ કડકીઆ** તથા **શ્રી સમીરભાઈ બાબુલાલ કડકીઆ** તરફથી **શ્રી સમીરભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી રૂપલબેનની દીકરી કશાની** ના લગ્ન પ્રસંગે **રૂા. ૧૧,૦૦,૦૦૦/**-નું માતબર દાનનું વચન મેડીકલેમ ની નવી યોજના માટે પ્રાપ્ત થયું છે.

આ યોજનાનું નામ આવતા અંકમાં આપવામાં આવશે.

જ્યોતિપુંજના માધ્યમ દ્વારા અમે પ્રસારિત કરેલી માહિતીના અનુસંધાનમાં દર વર્ષનો કુલ અંદાજીત ખર્ચ **રૂા. ૩૦૦,૦૦૦/**- છે. ગત વર્ષની વાર્ષિક આવક ફક્ત રૂા.૩૫૦૦૦/- થઈ હતી. ગત વર્ષની કુલ માંગણી **રૂા. ૬,૫૭,૯૭૨** હતી. તેની સામે સંસ્થાએ રૂા. **૨,૮૧,૪૧૭** ફાળવ્યા હતા.

મેડીકલેઈમ યોજના માટે હજુ દાતાની જરૂર છે. અત્યાર સુધી આપ સૌ દાનવીર દાતાઓના દાનથી આપણી અનેક યોજનાઓ જરૂરી ભંડોળથી છલકાઈ ગઈ છે. જરૂરીયાતવાળા ભાઈ-બહેનોને આપણે યોગ્ય સહાય કરી રહ્યા છે.

આપ સૌના સહકારથી આપણે વિશેષ સહાય કરી શકીશું. પ્રેમાળ દાતાઓ તરફથી અમને વધુમાં વધુ પ્રોત્સાહનજનક સહયોગ મળશે તેવી અપેક્ષા.

**પ્રમુખ - શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી**

**મંત્રી - શ્રી ભાવેશ બીપિન મોદી**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૨ | ૧૦ | ૨૧-૦૧-૨૦૧૯ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# સૃષ્ટિની રચનાનો વિચાર

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

વૈજ્ઞાનિકો અનુસાર સૃષ્ટિની રચના કોઈ ખૂબ જ મોટા વિસ્ફોટ બાદ થઈ હતી. જ્યારે આપણા હિંદુ પૌરાણિક ગ્રંથો અનુસાર બ્રહ્માંડમાં ૐ કાર પ્રણવ નો પ્રચંડ ધ્વનિ થયો અને એ ધ્વનિ દ્વારા એક પછી એક ક્રમશ પાંચ તત્વો બન્યા. જેમાં છેલ્લે પૃથ્વીમાંથી પિંડો બન્યા હતા.

**આકાશ તત્વ :** બ્રહ્માંડમાં આકાશ તત્વ વ્યાપ્ત હોય છે. બ્રહ્માંડમાં રહેલું આકાશ તત્વ અનંત હોય છે. જેમ બ્રહ્માંડમાં આકાશ તત્વ રહેલું છે એ જ પ્રમાણે આપણા શરીરમાં પણ જ્યાં જ્યાં રિક્ત સ્થાનો છે એટલે કે પોલાણો છે ત્યાં ત્યાં આકાશ તત્વ સમાયેલું છે. આપણા શરીરમાં રહેલું આકાશ તત્વ સિમીત માત્રામાં હોય છે, પરંતુ બ્રહ્માંડમાં રહેલું આકાશ તત્ત્વ અનંત હોય છે.

આકાશ તત્વનો ગુણધર્મ શબ્દ છે જેને ફક્ત અનુભવી શકાય છે. તેને ન જોઈ શકાય છે ન તો પકડી શકાય છે. ફક્ત અનુભવ કરી શકાય છે. દા.ત. પ્રીતી થવી, લજ્જા થવી, વૈર થવું, ભય થવો, મોહથવો અને બુદ્ધિ. આ બધા જ શબ્દો આકાશ તત્વના કહી શકાશે.

આકાશ તત્વનું બીજ 'હં' છે. શરીરમાં આકાશ તત્વનું મુખ્ય સ્થાન કંઠ, વિશુધ્ધિચક્રમાં છે.

**વાયુ તત્વ :** બ્રહ્માંડમાં ૐ કારના પ્રચંડ ધ્વનિ બાદ અવકાશમાં રહેલા અણુઓ આપસમાં ટકરાવાના કારણે તરંગો ઉત્પન્ન થયા, મોજાઓ ઉત્પન્ન થયા, આ તરંગોની લહેરોએ આખા આકાશમાં ગતિમાન થઈ વ્યાપ્ત થઈ ગયા. જે વાયુ તત્વનો ઉદ્ભવ થયો કહેવાય.

આખા વાતાવરણમાં વાયુ તત્વ હોય છે અને આ વાયુમાં પ્રાણવાયુનું પ્રમાણ ફક્ત ૨૫ ટકાથી ૩૫ ટકાવ જેટલું જ હોય છે. વાયુનો ગુણધર્મ છે સ્પર્શ. વાયુ ને પણ ફક્ત અનુભવી શકાય છે, એને જોઈ શકાતો નથી. એને પકડી શકાતો નથી. ફક્ત અનુભવી શકાય છે. વાયુ નિત્ય ગતિમાન રહે છે. જીવન અને જગતની પ્રત્યેક ગતિવિધિઓ વાયુના દ્વારા થતી હોય છે. આપણા શરીરની પ્રત્યેક ગતિવિધિઓ અને હલનચલનમાં, શરીરના ફુલવામાં, શરીરના સંકોચનમાં વાયુ જ કાર્યરત હોય છે. આખા જગતના તમામ પ્રાણીમાત્રમાં વાયુનું યોગદાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વાયુ તત્વ નું બીજ છે 'યં' વાયુનું રહેવાનું સ્થાન છાતીમાં ડાબી તરફ અનાહત્ ચક્ર.

**અગ્નિ તત્વ :** વાતાવરણમાં વાયુના મોજાઓ ગતિમાન થયા. ગતિમાન થવાને કારણે ઘર્ષણ ઉત્પન થયું. આ ઘર્ષણને કારણે વાતાવરણમાં અગ્નિતત્વનો ઉદ્‌ભવ થયો. અગ્નિતત્વ એટલે પાંચ તત્વોમાં મધ્યનું તત્વ અગ્નિતત્વ કહેવાય છે. અગ્નિતત્વનો ગુણધર્મ છે રૂપ, સ્વરૂપ. આપણે પ્રકાશને જોઈ શકીએ છીએ. અનુભવી શકીએ છીએ. પ્રકાશને કારણે આકારો દેખાય છે. ક્ષુધા, તૃષા, નિંદ્રા, કાંતિ, આભા, ઓજસ અને તેજ આ બધી જ વસ્તુઓ અગ્નિ તત્વની કહેવાય છે. અગ્નિ તત્વનું બીજ છે 'રં'. શરીરમાં અગ્નિનું સ્થાન છે નાભીની પાછળ મણિપુર ચક્રમાં.

**જળ તત્વ :** વાતાવરણમાં અગ્નિ તત્વના ઉદ્‌ભવ બાદ અતિશય ઉર્જા અને ઉષ્ણતાને કારણે અણુઓ ઉપર ચડયા (અગ્નિની ઉર્ધ્વગતિ). અતિ ઉપર જઈ ઠંડા પડી નીચે રૂપાંતર થયું ત્યારે જળ તત્વનો ઉદ્‌ભવ થયો.

આપણા શરીરમાં રક્ત, વીર્ય, લાળ, મૂત્ર આ જળ તત્વ કહેવાય છે. જળ તત્વમાં ગુણ ધર્મ રસને સ્વાદ. જલ તત્વનું બીજ છે 'વં'. જળ તત્વનું સ્થાન સ્વાધિષ્ઠાન ચક્રમાં.

**પૃથ્વી તત્વ :** જળ તત્વના અણુઓ અને પરમાણુઓ જેમ જેમ નીચે ઉતરતા ગયા એનું રૂપાંતર ઘન સ્વરૂપમાં થતું ગયું અને અલગ અલગ આકારની પિંડો બનવા લાગ્યા. તે પૃથ્વી તત્વનો ઉદ્‌ભવ થયો કહેવાય. પૃથ્વી તત્વનો ગુણધર્મ-ગંધ, શરીરમાં અસ્થિઓ, માંસ, ત્વચા બધી જ નાડીઓ અને રોમ (રૂંવાટા) આ બધું પૃથ્વી તત્વમાં કહેવાય છે. પૃથ્વી તત્વનું બીજ છે 'લં'. શરીરમાં પૃથ્વી તત્વનું સ્થાન મૂલાધાર ચક્ર, કરોડરજ્જુનો અંતિમ છેડો.

જેમ આપણી આ સૃષ્ટિ પંચમહાભૂત તત્વોની બનેલી છે. તેવી જ રીતે આપણો આ દેહ પણ પંચમહાભૂત તત્વોનો બનેલો છે. દરેક તત્વનું આ શરીરમાં સપ્રમાણ હોવું ખૂબ જરૂરી છે. તત્વની વધઘટ મોટી ઉથલ પાથલ સર્જે છે માટે જ સૃષ્ટિનો આદર કરવો. કુદરતના નિયમને અનુસરવું ખૂબ જરૂરી છે.

✤✤✤✤✤

# નવા વર્ષ માટે અપનાવીએ શાંતિપ્રિય સંદેશો

- ''ઈશ્વર એ પ્રેમાળ પિતા છે અને આપણે સૌ એક જ પિતાના સંતાનો છીએ.''
- કોઈ બીજા પર વિના કારણ ક્રોધ કરશે કે તેને ખોટા શબ્દો સંભળાવશે, તે પ્રભુ સમક્ષ દોષિત ઠરશે.
- ''હંમેશા સાદી, સત્ય અને સરળ વાણી બોલવી જોઈએ.''
- ''જે તને ધિક્કારે - દુશ્મન ગણે તેને પણ ચાહજે. તારા પડોશી પ્રત્યે પણ તારી જાત જેટલો જ પ્રેમ રાખજે.''
- તારા દુશ્મનોનો તું સામનો ન કરો, જો કોઈ તારા એક ગાલ પર તમાચો મારે તો તું બીજો ગાલ ધરજે.
- તમારા સત્કાર્યો વિશે આંડબર કરશો નહિ. પ્રાર્થના દાન અને વિશ્વાસ એ ઈશ્વરની પ્રસન્નતા માટે છે. તેને ગુપ્ત રાખજો.
- દીનદુઃખીઓની સેવા એ જ આપણો જીવન મંત્ર હોવો જોઈએ કેમ કે જનસેવા એ જ પ્રભુસેવા.
- છ દિવસની પ્રવૃત્તિ પછીનો સાતમે દિવસ તમે નિવૃત્તિમા ગાળજો. ને છ દિવસમાં તમારાથી ક્યાં ભૂલો થઈ તે યાદ રાખજો અને તેને સુધારજો.
- કારણ સિવાય પારકાની પંચાતમાં પડશો નહીં.
- અન્યના દોષ જોવા કરતાં પોતાની જાતને પહેલાં તપાસજો.
- વિશ્વબંધુત્વ, વિશ્વ શાંતી માનવતા અને વ્યક્તિના આત્મ ઘડતર તથા પવિત્ર-ઘડતર જીવન માટેના સંદેશાઓ અજર છે, અમર છે.

**ઈસુની વાણીમાં માનવ કલ્યાણનો મહામૂલો સંદેશ છે.**
**''એક પિતા પ્રભુ એજ સૌ સંતાન''**
**ખ્રિસ્તી નવા વર્ષને ભગવાનનું વર્ષ બનાવવા માટે આપણે છ બાબતો અપનાવીએ.**

(૧) પ્રેમની ઝરણાને નહેર બનાવી માનવતાના ખેતરને લીલુછમ બનાવીએ.

(૨) જગતના શત્રુ નહિ મિત્ર બનો. ધર્મની વાત ન કરો. ધર્મ જીવી બતાવો.

(૩) પશ્ચાતાપ અને ક્ષમા અપનાવો. જેનાથી માણસ દેવ સમીપ પહોંચી શકે છે.

(૪) વેર એ માનવજાતીનો કાળો કેર છે. નફરતને મહોબ્બતમાં પલટાવેલ શુધ્ધ મન એ સર્વોત્તમ સિધ્ધિ છે.

(૫) હંમેશા વાણીની મીઠાશ, વિનમ્રતા અને વિવેક એ આત્મોદ્ધારની દુનિયા માટેના 'વિઝા' છે એ યાદ રાખો.

(૬) લોભ, મોહ અને ક્રોધની ઉપર કાબૂ રાખો.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા શ્રી દક્ષેશભાઈ તથા શ્રી મનીષભાઈ કડકીઆ (કડકીઆ ઈન્ટરપ્રાઈઝીસ) આંતરીક રમત ગમત ઉપનગર ખાતે

કેરમ તથા ચેસની રસતો તા. ૧૭.૨.૨૦૧૯ના રોજ રવિવારે સવારે ૮.૩૦ કલાકે કાંદિવલી ખાતે યોજવામાં આવશે.

ઈચ્છુક વ્યક્તિઓએ તેમના નામ સંયોજક શ્રી સન્ની ગાંધી તથા કોઈપણ સભ્યને નોંધાવવાનું રહેશે.

પ્રત્યેક વ્યક્તિ દીઠ ૫૦/- રૂપિયા એન્ટ્રી ફી રહેશે.

સ્થળ : શ્રી અપૂર્વ/ શ્રી શ્રેયાંસ હીરાલાલ પરીખ, બાલાસિનોર કો.ઓપ.હાઉસીંગ સોસાયટી, બંગલો નંબર ૨૭, એસ.વી.રોડ, બંબા ખાનાની સામે, કાંદિવલી (વેસ્ટ)

**મંત્રી – શ્રી ભાવેશ મોદી** **સંયોજક – શ્રી સની ગાંધી – ૦૯૯૩૦૮૪૭૬૩૦**

---

## શ્રી બાલસિનોર નવયુવક સંઘ

**નીના હરીશ પરીખ હસ્તે હરીશ ચીમનલાલ પરીખ (ભગત)** તરફથી


**રૂા. ૨૫,૦૦૦/- મેડીકલ સહાય** માટે મળેલ છે.

સંસ્થા તેમનો તથા તેમના પરીવારજનો આભાર માને છે.

**શ્રીકૃષ્ણમાં અદમ્ય શ્રધ્ધા અને અખૂટ વિશ્વાસ ધરાવનાર**

**પ્રભાતિયાતાના રચનાકાર**

# આદિકવિ નરસિંહ મહેતા



આજથી આશરે પાંચસો વર્ષ પહેલાં, જૂનાગઢ પાસે તળાજા નામે ગામમાં નાગર બ્રાહ્મણની નાતમાં નરસિંહ મહેતાનો જન્મ થયો હતો. એમની પાંચ વર્ષની વયે એમના માતા પિતાનું મરણ થતાં મોટાભાઈ વણશીઘરના આશ્રયે તેઓ ઊછર્યાં હતા.

નાનપણથી જ નરસિંહ મહેતાનું મન ઈશ્વરભજનમાં અને સાધુસંતોની સેવામાં લાગેલું હતું. તેથી ભણવા ગણવા પર એનું કોઈ લક્ષ નહોતું. તે વખતના રિવાજ પ્રમાણે નવ વર્ષની ઉંમરે સાત વર્ષની માણેકબાઈ સાથે એમના લગ્ન થયાં હતાં.

એમ કરતાં નરસિંહ મહેતા પંદર વર્ષના થયા. મોટાભાઈએ એમને ઘોડા સાચવવાનું કામ સોંપ્યું હતું. એક દિવસ સવારના તેઓ ઘોડા માટે ઘાસ કાપવા જંગલમાં ગયા તે માથે ઘાસનો ભારો લઈને સાંજે ઘેર આવ્યા. કકડીને ભૂખ લાગી હતી, તેથી નહાઈ ધોઈ સીધા રસોડામાં પેઠા ને પાટલો માંડી બેઠા.

તરત ભાભીઓ છણકો કર્યો : 'ઓ હો ! આમ તો મૂરખ, પણ પેટ ભરવાની કેવી અક્કલ છે ! રૂઆબ તો જાણે આખા ઘરને પોતે ધાન પૂરતા હોય એવો !'

મહેતાએ ધીમેથી કહ્યું, 'ભાભી, ધાન તો બધાને ભગવાન પૂરે છે. !'

આ સાંભળતાં જ ભાભીનો મિજાજ ગયો. તે બોલી ઊઠી : 'રાત દિવસ ભગતડાં ભેગા રહીને ભગતડાંની બોલી બોલતાં ઠીક શીખી ગયા છો ! તો જઈને માગો તમારા ભગવાન પાસે ! એ આપશે.'

'એ જ આપશે !' કહી નરસિંગ મહેતા પાટલા પરથી ઊભા થઈ ગયા. સીધા ઘરમાંથી બહાર નીકળી તેમણે ચાલવા માંડયુ. તેમના મગજમાં ફરી ફરીને અવાજ સંભળાવા લાગ્યો : 'એ જ આપશે ! એ જ આપશે !'

પણ એ છે ક્યાં ? એને ગોતવો ક્યાં ?

ગમે ત્યાં હોય, પણ એને શોધી કાઢયા વિના હવે નહિ ચાલે,

મહેતાજી ગામ છોડી જંગલમાં પહોંચ્યા. ત્યાં મહાદેવનું એક જીર્ણ મંદિર હતું. કોઈ જ ત્યાં પૂજા કરવા જતું નહોતું. મહેતાજી મહાદેવજી સામે ધરણું કરી બેઠા. બસ, અહીંથી ઊઠવું જ નથી. એક બે કરતાં સાત દિવસ થઈ ગયા. પળેપળ એમને મુખમાંથી રોમરોમમાંથી એક જ ઉચ્ચાર નીકળે છે : 'હે શંકર ! હે શંભુ ! દયા કર.'

છેવટે ભોળાનાથ પ્રસન્ન થયા. કહે : 'માગ, માગ, માગે તે આપું !'

મહેતાજીએ કહ્યું : 'માગવાનું મનમાં કંઈ રહ્યું જ નથી.'

શિવે કહ્યું, 'તોયે દુર્લભ એવું કંઈ માગ !'

ત્યારે મહેતાજી કહે, 'તમને જે, વલ્લભ, હોય જે દુર્લભ, આપો હે પ્રભુજી, મુજને કૃપા કરી !'

મહાદેવની થયું કે આ તો મારી પરીક્ષા થઈ ગઈ. હવે તો હું જેને કીમતીમાં કીમતી ગણું છું તે જ મારે એને આપવું જોઈએ ! તેમણે કહ્યું,'ચાલ, તને કૃષ્ણના દર્શન કરાવું !'

મહાદેવની કૃપાએ નરસિંહ મહેતાને શ્રીકૃષ્ણની રાસલીલાનાં દર્શન થયાં. કૃષ્ણે પોતે એમને પીતામ્બર

પહેરાવ્યું ને એમના માથે મોરપીંછનો મુગટ મૂક્યો. મહેતાજી હાથમાં કરતાલ લઈ ભજન ગાતા ગાતા ઘેર આવ્યા, ને સીધા જ ભાભીના પગમાં પડયાં, 'ભાભી, તમારી કૃપાથી મને ભગવાનના દર્શન થયાં. !'

ભાભી તો મહેતાજીનો આ નવો વેશ જોઈ વધારે ખિજાયા.

મહેતાજી હવે પત્ની માણેકબાઈ, પુત્ર કુવંરભાઈ અને પુત્ર શામળશાને લઈ જુદા ઘરમાં રહ્યા, પણ ઘરની ચિંતા ભગવાનને માથે નાખી તેઓ તો ભજન કીર્તનમાં જ મસ્ત રહેતાં :

**જે હમે જગત ગુરુદેવ જગદીશને,**
**તે તણો ખરખરો ફોક કરવો,**
**આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે,**
**ઊગરે એક ઉદ્વેગ ધરવો.**
**હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા,**
**શકટનો ભાર જેમ શ્વાન તાણે,**
**સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે,**
**જોગી જોગેશ્વરા કોક જાણે !**
**ઋતુ લતા પત્ર ફળફૂલ આપે યથા,**
**માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે,**
**જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,**
**તેહને તે સમે તે જ પહોંચે !**
**સુખ સંસારી મિથ્યા કરી માનજો,**
**કૃષ્ણ વિના બીજું સર્વ કાચું !**
**જુગલકર જોડી કરી નરસૈયો એમ કહે,**
**જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું !**

પ્રભુની કૃપાએ હવે મહેતાજીના મુખમાંથી કવિતા રૂપે જ્ઞાનની સરવાણી ફૂટી નીકળી હતી. ! 'વિષ્ણુસહસ્ત્રનામ'માં ઈશ્વરને 'કવિ' કહ્યો છે. એ કવિની સાથે તાદાત્મય સર્જાતા ભક્તજન કવિ રૂપે પ્રગટ થાય એમાં નવાઈ નથી.

મહેતાજનો પુત્ર શામળ હવે બાર વર્ષનો હતો. મહેતાજી પોતે નવ વરસે પરણ્યાં હતા, તેથી માણેકબાઈએ મહેતાજીને કહ્યું :'શામળિયા માટે કન્યાની તપાસમાં રહો !' મહેતાજી કહે : 'જેનું એ કામ છે એ કરશે, હું શું કરવા એવી ચિંતા કરું ?'

અને, ખરેખર, થોડા વખતમાં એક નવાઈની વાત બની ગઈ. વડનગરના ધનાઢય શેઠ મદન મહેતાએ પોતાની દિકરી માટે એક સુયોગ્ય વરની શોધમાં ગોરને જૂનાગઢ મોકલ્યો. મદન મહેતા કોઈ રાજ્યના દીવાન હતા અને લાખોપતિ હતા ગોરે જૂનાગઢ આવી ઘણા છોકરા જોય, પણ એકે પસંદ પડયો નહિ, ત્યારે નાગરો ચિડાયા. તેમણે એને ઉલ્લુ બનાવવા નરસિંહ મહેતાનું ઘર દેખાડયું. મહેતાજી તો બેઠા બેઠા ભજન કરતા હતા. શી ખબીર શી રીતે ગોરનું મન વસી ગયું. તેમણે શામળની સાથે મદન મહેતાની દીકરીનું વેવિશાળ કરી નાખ્યું.

નાગરોના પેટમાં તેલ રેડાયું. તેમણે મદન મહેતાને ખબર આપ્યા કે નરસૈંયો તો બાવા વેરાગીઓ ભેગો કરનારા ભીખમંગો છે ! મદન મહેતો નરસિંહ મહેતાના કાગળ લખ્યો કે અમારા ઘરને શોભે એવી જાન લઈને આવજો, નહિ તો વરને લીલા તોરણે પાછો કાઢશું !

નરસિંહ મહેતાએ કોકના બળદ અને કોકની વહેલ માગી આણી જાન તેડી. જાનમાં બાવાવેરાગીઓ, ને સામાનમાં તુલસીની માળીઓ, તાલ ને કરતાલ! જૂનાગઢથી નીકળેલી આ જાન જ્યારે વડનગર પહોંચી ત્યારે એમાં એટલા હાથીઘોડા ને લાવલશ્કરની શોભા હતી કે મદન મહેતા ગભરાઈ ગયા કે આને હું કેમ પહોંચી વળીશ ? તેમણે મહેતાજીને પગે પડી પ્રાર્થના કરી : 'વેવાઈજી, અમારી લાજ રહે એમ કરજો !'

લગ્ન શાંતિથી પતી ગયાં.

એકવાર ભાદરવા મહિનામાં નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ આવ્યું. નરસિંહ મહેતા પાંચ બ્રાહ્મણોને જમવાનું કહેવા ગયા, પણ નાતાવાળા કહે,'ભગત, કોક દહાડો તો અમને તમારા ઘરનો પ્રસાદ જમાડો !'

પ્રસાદની કેમ ના કહેવાય ? મહેતાજીએ સમસ્ત નાતને જમવાનું નોતરું દઈ દીધું.

શ્રાદ્ધને દિવસે માણેકભાઈએ મહેતાજીના હાથમાં નાનકડી તપેલી પકડાવી દઈ કહ્યું, 'ઘી લઈ આવો !'

મહેતાજી ઘી લેવા ગયા, તો ઘીવાળાએ કહ્યું, 'મહેતાજી, એકાદ ભજન તો સંભળાવો !'

બસ, થઈ ચૂક્યું. મહેતાજી ભજન ગાવા બેઠા, ને ઘી ની વાત ભૂલી ગયા. ભજન પર ભજન ચાલ્યા કરે.

બીજી તરફ શી ખબર ક્યાંથી મહેતાજીના ઘર આગળ સીધું સામાન અને ઘીનાં ગાડાં આવી ઊભા. માણેકબાઈ આભાં બની જોઈ રહ્યાં. હજારો માણસોની રસોઈ બની. નાતવાળા તમાશાની આશાએ આવેલા, પણ મનભાવતા પકવાન જમી તૃપ્ત થઈને ગયા.

સાંજે ભજન પૂરાં થયાં ત્યારે મહેતાજી તપેલીમાં ઘી લઈને ઘેર આવ્યા. આવીને જુએ તો આ અજબ વાત !

મહેતાજીના જીવનમાં આવા તો અનેક ચમત્કારો જોવા મળે છે. તેમની દીકરી કુંવરબાઈનું મામેરું કરવા ભગવાન પોતે લક્ષ્મીજીને લઈને પધાર્યા હતા. દ્વારકા જતા યાત્રીઓનાં નાણાં લઈ મહેતાજીએ એમની હૂંડી લખી આપી હતી તે ભગવાને પોતે દ્વારકામાં મહેતાજીના વાણોતર બની સ્વીકારી હતી !

થોડા વખત પછી માણેકબાઈનું મરણ થયું. મહેતાજી કહે,'જેવી ભગવાનની મરજી! ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ !'

રોજ સવારે મહેતાજી ગિરનાર પર્વતની તળેટીમાં આવેલા દામોદર કુંડમાં સ્નાન કરવા જતા. એક દિવસ આવી રીતે સ્નાન કરીને તેઓ ભજન ગાતા ગાતા આવતા હતા ત્યાં રસ્તામાં કેટલાક માણસો હાથ જોડી એમની સામે આવી ઊભા ને કહે,'ભગતજી, એકવાર અમારે ત્યાં ભજન કરવા પધારો !'

મહેતાજીએ કહ્યું, 'આજે જ !'

પેલાઓ કહે, 'બાપજી, અમે અસ્પૃશ્ય છીએ !'

મહેતાજીએ કહ્યું, 'તમે હરિના ભગત છો. હરિજન છો ! વૈષ્ણવ છો !

હરિજનોએ આખા વાસનાં આંગણાં સાફ કરી ગોમુત્ર અને છાણથી લીપ્યાં. તુલસીકયારે દીવા કર્યા, ધૂપ કર્યો.

મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ,

ભોર થવા લાગી ભજન કીધું, સંતોષ પામ્યા સૌ વૈષ્ણવ !

તે જમાનામાં હરિજનોનો કોઈ અકડતું પણ નહિ, તેમનાં ઘર પણ ગામથી દૂર અને ત્યાં કોઈ જાય નહિ, પણ મહેતાજી ગયા ને આખી રાત હરિજનો ભેગા બેસી ભજન કરી આવ્યા. તેથી આખા ગામમાં હો હો થઈ ગઈ. ચોરે ને ચૌટે વાતો થવા લાગી, 'હાય હાય ! નાગરનો દીકરો થઈને આ નરસૈંયો ઢેડવાડામાં જઈને આવ્યો !'

નાગરોની નાતે નરસિંહ મહેતાનો જવાબ માગ્યો. તેણે કહ્યું,'તું ભ્રષ્ટ થઈ ગયો છે.'

મહેતાજીએ કહ્યું, 'મને ભ્રષ્ટ કહો, ભૂંડો કહો, ભૂંડાથી ય ભૂંડો કહો, તમને જે ગમે તે કહો, હું એવો જ છું. મને માત્ર વૈષ્ણવો વહાલા છે - પછી તે બ્રાહ્મણ હોય કે ભંગી હોય !'

**હળવા કર્મનો હું નરસૈંયો, મુજને તો વૈષ્ણવ વહાલા રે,**
**હરિજનથી જે અંતર ગણશે, એના ફોગટ ફેરા ઠાલા રે !**

નાગરોએ હવે જૂનાગઢના રાજા રા'માંડલિકને ફરિયાદ કરી,'નરસૈંયો ઢોંગ ધતૂરા કરી લોકોને અવળે રસ્તે ચડાવે છે, એને સજા કરો !'

રાજાએ નરસિંહ મહેતાને એક કોટડીમાં પૂરી દીધા ને કહ્યું, 'ભગવાનની મૂર્તિની ડોકમાં પહેરાવેલો હાર સવાર પહેલાં તારી ડોકમાં આવી પડે તો હું જાણું કે તું સાચો ભગત ! નહિ તો ઢોંગી !'

કોટડીમાં મહેતાજીએ ભજન આદર્યા. આખી રાત ભજન ચાલ્યાં. સવાર થતાં ચમત્કાર થયો. મંદિરના

બારણાંને અને જેલની કોટડીને વાસેલાં તાળાં તડાક કરતાં તૂટી ગયાં, લોઢાની ભોગળો ભાંગી પડી ને બારમાં ઊઘડી ગયાં! લોકો આભા બની જોઈ રહ્યા. ભગવાનની મૂર્તિની ડોકમાંથી હાર નીકળીને મહેતાજીની ડોકમાં જઈ પડયો! કહે છે કે આ બનાવ સંવત ૧૫૧૨ (સને ૧૪૫૫)માં બનેલો.

મહેતાજીની ભક્તિનો આ પરચો જોઈ રાજા પસ્તાયો. એણે ભક્તની માફી માગી પણ મહેતાજી તો જાણે કંઈ બન્યું નથી એમ ભજન ગાતા ગાતા ઘેર ગયા.

આ બનાવ પછી થોડા વખતમાં મહેતાજીએ જૂનાગઢ છોડયું અને દેહ પણ છોડયો.

નરસિંહ મહેતા આપણી ગુજરાતી ભાષાના આદિ કવિ છે. તેમણે અસંખ્ય ભજનો લખ્યાં છે. તેમાંના ઘણા પ્રભાતિયાં નામે ઓળખાય છે. આજે પણ ઘણા લોકો સવારના પહોરમાં આંખ ઊઘડે કે મહેતાજીનાં પ્રભાતિયાં ગાતા હોય છે. ✣✣✣✣

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭/૯૮૩૩૮૬૭૬૦૧. Email : aydharia@gmail.com ને મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી – ભાવેશ મોદી      સંયોજક – અલ્પેશ ધારીઆ**

Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

- A complete dental consultation with digital x-ray.
- Complete prophylaxis (clean up) and gum care.
- Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
- Smile designing and esthetics.
- Complete prophylaxis for children.
- Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# સુખ અને દુઃખ

✍ **કિરીટ ધારીઆ**

આપણે સૌ દુઃખને અભિશાપ ગણીએ છીએ. પરંતુ તેવું નથી. દુઃખ એ અભિશાપ નહીં, પરંતુ વરદાન છે. કારણ કે દુઃખ ન હોય તો સુખની કંઈજ કિંમત નથી. બીજું, સુખ એ માણસને એદી, આળસુ, નિષ્ક્રિય, અહંકારી, વ્યસની, તોછડો અથવા તામસી બનાવે છે. દુઃખ વગર કદીય જાગૃતિ આવતી નથી. આપણામાં રહેલી સુષુપ્ત રીતે રહેલી અનેક શક્તિઓ દુઃખના સમયે જ જાગૃત થાય છે.

દુઃખથી આપણે અંદરથી જાગૃત બની દુઃખના કારણો શોધવા ખૂબ જ બળપૂર્વક મથામણ કરીએ છીએ. તે દરમ્યાન એ સંદર્ભે નવું જ્ઞાન, નવું અભિગમ અને નવું બળ આપણામાં પ્રગટી નીકળે છે. દુઃખ એ જ ખરેખર માણસનું ઘડતર છે. સુખ ભોગવ્યા પછી એક અદભૂત સ્વરૂપ અને સુષુપ્ત શક્તિઓ ખીલી ઊઠે છે. એક અદભૂત પરિવર્તન આવે છે. માનવીમાં સર્જનાત્મક શક્તિઓનો ઉદય થાય છે.

સુખ શબ્દ અને દુઃખ શબ્દ એ બંને શબ્દોમાં જ તેનું રહસ્ય રહેલું છે. 'સુ' એટલે સારું, સદકર્મ અને પૂણ્યકર્મ અને 'ખ' એટલે ખાઈ જવું. ખલાસ થવું અથવા વપરાઈ જવું, એટલે તમારું સદકર્મ પૂણ્યને ખાઈ જવું તે સુખ. હવે સુખને તમો જ્યારે ભોગવો છો ત્યારે તેના બદલામાં તમારું પુણ્યકામ ખર્ચાય છે કે આપી દેવું પડે છે. તેમ ફરીથી દુઃખમાં ફેંકાઈ જાવ છો. તે માટે સજાગતા જરૂરી છે. કર ભલા, હો ભલા.

જે કઈ ખપનું એ, એજ આપે છે. એ એટલી સંભાળ રાખે છે. દુઃખ સાથે સુખ આપીને, એ જીંદગી સમતોલ રાખે છે.

દુઃખનું અદભૂત હસ્ય સમજીએ. 'દ' એટલે દુરિત, દુષિત, ખરાબ, પાપકર્મ અને 'ખ' એટલે ખાઈ જાય તે દુઃખ. તમોએ તમારા કરેલાં અપકૃત્યો, પાપો, દુરિત, દુષિત કર્મો. આપણે જ્યારે દુઃખ ભોગવીએ છીએ ત્યારે આપણાં સંપૂર્ણ પાપકર્મો, દુઃખો અગ્નિમાં તેમજ કષ્ટમાં બળી જાય છે. અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનું બનેલું અંતઃકરણ પણ નિર્મળ થાય છે.

આપણે પૂર્ણ પવિત્ર નિષ્કલંક પુનિત પુરુષ બની અને શાંતિનો અનુભવ કરીએ છીએ. દુઃખને પ્રભુનો પ્રસાદ સમજી પ્રેમથી સહન કરતા, મસ્તક પર ચઢાવવો. આ જગતમાં આપણું કલ્યાણ કરનાર સુખ છે કે દુઃખ છે ?

ઉદાહરણ રૂપે આપણે અનુભવીએ છીએ કે જો એક ટીપુ વરસાદનું છીપનાં મુખમાં પડે તો તેમાંથી સુંદર ચમકદાર બહુ મૂલ્યવાન મોતી બને. એ જ ટીપું જો કેળના (કદલી) થડ પર પડે તો એ કપુર બની પોતાની સુંગધ ચોતરફ પ્રસરાવી દે છે. પરંતુ એજ ટીપું જો સર્પના મુખમાં જઈને પડે તો તે વિષ બની અન્યનું જીવન નષ્ટ કરી નાખે છે. સંગતિનું પરિણામ છે.

**ગુરૂ વિના જ્ઞાન નહિ**

**કોઈ ચાહ નહીં, કોઈ રાહ નહીં,**
**કોઈ આહ નહીં, કોઈ વાહ નહીં,**
**કોઈ દાદ નહીં, ફરિયાદ નહીં,**
**સબ ભૂલ ગયે, કુછ યાદ નહીં.**

**સુખ-દુઃખ મૂળભૂત કારણ-આપણે પોતે જ છીએ, તો બીજાને વાંકે જીવન જીવવું ને દોષ દેવો ?**

સુખ દુઃખના મૂળભૂત કારણ આપણે પોતે જ છીએ. બીજું કોઈ નથી છતાં પણ આપણે પોતે આપણી રીતે બણગાં ફૂંક્યા જ કરીએ છીએ. આ માણસે મને દુઃખ આપ્યું, કોઈ કોઈને સુખી કરી શકતું નથી કે કોઈ કોઈને દુઃખી કરી શકતું નથી. ખરેખર તો હાથે કરીને આપણે પોતે જ દુઃખી અને પરેશાન થઈએ છીએ. તેમાં બીજા લોકો શું કરે ?

જીવનની અંદર રહીને આપણે સુખી થવું કે દુઃખી

થવું તે આપણા પોતાના હાથની જ વાત છે. બીજા લોકો ઉપર દોષનો ટોપલો ઢોળવો તે નકામું છે. ખરેખર જીવનની અંદર રહીને સમજણશક્તિ કેળવવાની જરૂર છે. સમજણશક્તિ જો કેળવશો તો આ આ જગતમાં દુઃખ નામની ચીજ રહેશે જ નહી.

માનવીના પોતાના જીવનમાં અનેક પ્રકારના સુખ અને દુઃખ આવે છે. તે કોઈ નવીન વાત નથી. પરંતુ આપણે બધા આપણી નજર સમક્ષ ઘણીવાર જોતા હોઈએ છીએ. પરંતુ સુખ દુઃખના સમયમાં આપણે હારી જવાની જરૂર નથી. નિરાશ થવાની જરૂર નથી. જરૂર માત્ર એટલી જ કે દુઃખની સામે લડવાની પડકાર કરવાથી અને તે સાથે હિંમત અને ઈશ્વરનું ભાવથી ચિંતન મનથી કરવાની જરૂર છે. આટલું થશે તો દુઃખ તરત ચાલ્યુ જતું લાગશે અને સુખ નામની ચીજ તમારી પાસે ચાલીને આવતી દેખાશે. કળથી થાય તે બળથી ન થાય.

**મીઠું બોલો થોડું બોલો, સારું સહુને બોલો...**
**પહેલા હૈયે શબ્દને તોલો, પછી આ હોઠને ખોલો,**
**કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના,**
**છોડો બેકારકી બાતોં મે કહી, બીત ન જાએ રે ના.**

જ્યારે આપણી ઉપર સુખ આવે છે ત્યારે આપણે આપણા તમામ પાસાઓ ભૂલી જઈએ છીએ. સુખ પ્રાપ્ત થયા પછી દુઃખને આપણે જરાય યાદ કરતા નથી. જીવનની અંદર રહીને સુખી થવું હોય તો દુઃખને યાદ કરો. એ તમારા જીવનમાં નવું પરિવર્તન અને શાંતિ લાવશે. આપણી ઉપર થોડું એવું દુઃખ આવતાની સાથે આપણે ઈશ્વરને યાદ કરવા લાગીએ છીએ. થોડા એવા રોદણા જીવનમાં દુઃખ ગયું, તો આપણે હતા એ ના એ જ. પછી દુઃખ નામની શી ચીજ હતી ? તેની આપણને કશી જ ખબર નથી હોતી.

જીવનમાં રહીને થોડા સુખ અને દુઃખને ધ્યાનમાં રાખતા શીખો. દુઃખથી ડરો નહીં અને સુખથી છકી જશો નહીં. જીવનમાં સુખ અને દુઃખ સિક્કાની બે બાજુઓ છે, માટે બંને પલ્લાઓ નમતા રાખો દુઃખ તો બધા લોકો ઉપર આવે છે. પરંતુ, બીજા લોકો પાસે જઈને દુઃખના રોદણા રડવાની જરૂર નથી. આમ કરવાથી દુઃખ ઓછું થતું નથી, બલ્કે વધે છે.

દુઃખ આવે છે તે આપણને ટીપી ટીપીને ઘડે છે. જેમ કુંભાર માટલાને ટીપી ટીપીને ઘડે છે. અને માટલાઓ તૈયાર થાય છે, તે આપણને ટીપી ને ઘડે છે. આ આપણે શીખવાની, સમજવાની અને વિચારવાની જરૂર છે. ત્યારે જ આપણે સુખ દુઃખના અનુભવ લઈ ખૂબ જ માટલાની જેમ ઘડાઈને પાકા થઈ જશું અને રોદણાં રડવાનો મોકો મળશે નહિ.

**રાહી મનવા દુઃખ કી ચિંતા ક્યું સતાતી હે ?**
**દુઃખ તો અપના સાથી હૈ**

વાણી, વર્તન અને વ્યવહારની નોંધ લેવાતી હોય, માટે જ વ્યક્તિત્વ, મંતવ્ય અને કર્તવ્ય ત્રણે સાચવવાનાં હોય. ★★★★


# શ્રી વાડાસિનોર ગોકુલનાથજી મંદિર

**બાલાસિનોર**

## શ્રી વાડાસિનોર દશાનીમા તથા મુંબઈમાં રહેતા સર્વે દશાનીમા વૈષ્ણવો જોગ



# શ્રી ફગવા ઉત્સવ



ઉત્સવોનો ઉત્સવ એટલે ફગવા ઉત્સવ. આ વર્ષે આ ફગવા ઉત્સવનું આયોજન **તા. ૧૫-૦૩-૨૦૧૯, શુક્રવાર**ના દિને ઉજવવામાં આવશે.

**: ઉત્સવના મનોરથી :**

## સ્વ. કાન્તીલાલ લલ્લુભાઈ શાહ (એફણી) નો પરિવાર

**: સ્થળ :**

**બાલાસિનોર**

**તા. ૧૪-૦૩-૨૦૧૯, ગુરુવાર,** ને સાંજે ૪.૦૦ કલાકે હાથીખાનાવાળું ફળીયા ખાતે સમાજ બેસશે.

**તા. ૧૪-૦૩-૨૦૧૯, ગુરૂવાર,** ને રાત્રે ૯.૦૦ કલાકે સિધ્ધનાથ પાર્ટી પ્લોટ ખાતે દાંડીયા રાસ આયોજીત કરેલ છે.

દશાનીમા વણિક વાડીમાં દશાનીમા વૈષ્ણવો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

**: કળશનો વરઘોડો:**

**તા. ૧૫-૦૩-૨૦૧૯ સવારે ૯.૦૦ કલાકે,** શોભાયાત્રા ગોકુલનાથજી મંદિર થઈને ધામધૂમથી ફગવે પધારશે.

**ફગવાનો મહાપ્રસાદ લેવાની વ્યવસ્થા ફગવા બગીચે કરવામાં આવી છે.**
**સર્વે બાલાસિનોર દશાનીમા વૈષ્ણાવો, આમંત્રિતો, ભાઈઓ-બહેનો, સહકુટુંબ, સહ પરિવાર પધારશો.**

**: આમંત્રિત :**

## સ્વ. કાન્તીલાલ લલ્લુભાઈ શાહ (એફણી) નો પરિવાર

**દશાનીમા વણિકભાઈ દશાનીમા વૈષ્ણાવો માટે નીચે જણાવ્યા મુજબ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.**

**સ્થળ : દશાનીમા વણીક વાડી**

| | | |
|---|---|---|
| **તા.૧૩-૦૩-૨૦૧૯** | : | **સવારનો ચ્હા -નાસ્તો, સમય : ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક** |
| | | **બપોરનું ભોજન - ૧૨.૩૦ કલાક થી ૨.૦૦ કલાક** |
| | | **રાત્રિનું ભોજન - ૭.૩૦ કલાક થી ૯.૦૦ કલાક** |
| **તા. ૧૪-૦૩-૨૦૧૯** | : | **સવારનો ચ્હા -નાસ્તો, સમય : ૭.૩૦ થી ૯.૩૦ કલાક** |
| | | **બપોરનું ભોજન - ૧૨.૩૦ કલાક થી ૨.૦૦ કલાક** |
| | | **રાત્રિનું ભોજન - ૮.૦૦ કલાક થી ૯.૩૦ કલાક** |
| **તા. ૧૫-૦૩-૨૦૧૯** | : | **સવારનો ચ્હા-નાસ્તો, સમય : ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક** |
| | | **બપોરનું ભોજન - ૧૨.૩૦ કલાક થી ૨.૦૦ કલાક** |
| | | **રાત્રિનું ભોજન - ૭.૩૦ કલાક થી ૯.૦૦ કલાક** |
| **તા. ૧૬-૦૩-૨૦૧૯** | : | **સવારનો ચ્હા -નાસ્તો, સમય : ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક** |
| | | **બપોરનું ભોજન - ૧૨.૩૦ કલાક થી ૨.૦૦ કલાક** |

# શ્રી વાડાસિનોર ગોકુલનાથજી મંદિર

## શ્રી વાડાસિનોર દશાનીમા તથા મુંબઈમાં રહેતા સર્વે દશાનીમા વૈષ્ણવો જોગ

## શ્રી ફગવા ઉત્સવ

**નોંધ :** સર્વે દશાનીમા વૈષ્ણવો કે જે મુંબઈથી વતનખાતે ફગવા ઉત્સવ માટે પધારવાના છે. તેઓને અમારી નમ્ર વિનંતી છે કે તા. ૧૩-૧૪-૧૫-૧૬ના પ્રસાદના પાસ નીચે જણાવેલ સ્થળેથી પ્રાપ્ત કરવા. પાસ વિના મુલ્યે આપવાના છે. ફક્ત વૈષ્ણવોની સુવિધા માટે ખાસ જણાવેલ ૬ સ્થળની વિગતો નીચે મુજબ છે.

**પાસનું વિતરણ તા. ૧૫-૨-૨૦૧૯ થી ૨૮-૨-૨૦૧૯**

૧) **મયુર ટ્રેડિંગ કોર્પોરેશન :** ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલે માળે, મુંબઈ-૪૦૦૦૦૩.
ફોન : ૨૩૪૨૮૭૮૫, સમય : સવારના ૧૧ થી ૪ વાગ્યા સુધી. સંપર્ક : શ્રી મનોજ પરીખ

૨) **શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ :** પ્રગતિ સમાજની ઓફીસ, બાબુ ગેનુ રોડ, મુંબઈ, સમય : સાંજના ૪ થી ૬, મોબાઈલ નંબર : ૯૮૨૧૦૨૯૨૭૦

૩) **વાંદરા થી ગોરેગામ : શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી,** બી/૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લે (વેસ્ટ), સમય : સવારના ૧૧ થી ૪, મોબાઈલ નંબર : ૯૮૧૯૩૪૨૮૫૬

૪) **મલાડ થી કાંદિવલી :** શ્રી વસંત નટવરલાલ દેસાઈ, એ/૩૦૩, શત્રુંજય, પટેલ નગર, એમ.જી.ક્રોસ રોડ નંબર-૪, કાંદિવલી (વેસ્ટ). સમય : સવારના ૧૧ થી ૪., મોબાઈલ નંબર : ૯૮૨૧૦૫૪૩૨૯

૫) **બોરીવલી થી વિરાર : શ્રી ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ,** ૩૦૨, વર્ધમાન એપાર્ટમેન્ટ, સોડાવાલા લેન, બોરીવલી (વેસ્ટ), સમય : સવારના ૧૧ થી ૪, મોબાઈલ નંબર : ૯૮૧૯૧૮૩૩૭૯

**વતન ખાતે : શ્રી ગોકુલનાથજી મંદિરની ઓફીસ :**

**સંપર્ક : શ્રી મણીકાંત છોટાલાલ કડકીઆ** - મો. નંબર : ૯૮૨૫૬૪૨૯૪૧


શ્રી ગોકુલેશો જયતિ　　　　૨૪મું વર્ષ

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ


# ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થપીઠ શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી કાંદીવલીમાં વસતા બાલાસિનોર વાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૫ ના મહા વદ બારસ ને **રવિવાર, તા. ૦૩-૦૩-૨૦૧૯** ના રોજ **અડુકીઆ સ્કુલ ગ્રાઉન્ડ, રામગલી, શાંતીલાલ મોદી માર્ગ, આઈ.સી.આઈ.સી.આઈ બેંક ની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.** ના મુકામે યોજવામાં આવેલ છે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ, દર્શનનો લાભ લેવા અને પ્રસાદ (પ્રસાદની વ્યવસ્થા ખેલના દર્શન પછી) લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**

## ઉત્સવના મનોરથી



**કોકીલાબેન રજનીકાંત પરીખ (બંગાળી)**
**મનીષા હિતેન પરીખ (બંગાળી)**
**કુનાલ અમી - પૂજા રોનકકુમાર**



## ❖ શોભાયાત્રા ❖

મનોરથીના નિવાસસ્થાન **બી-૩૦૫, શત્રુંજયગીરી સોસાયટી, અશોક નગર, જૈન ટેમ્પલ કંપાઊંડ**, કાંદીવલી (ઈ), મુંબઈ- ૧૦૧. **ખાતે મો.: 9820184871 રેસિડન્સ : 022- 28851101** બપોરે ૧.૩૦ કલાકે સમાજ બેસશે. તેમજ શોભાયાત્રા તેમના નિવાસ સ્થાનેથી બપોરના ૩.૦૦ કલાકે નીકળશે.

**લી. કોકીલાબેન રજનીકાંત પરીખ (બંગાળી)**
**મનીષા હિતેન પરીખ (બંગાળી)**
**કુનાલ અમી - પૂજા રોનકકુમાર ના જૈ જૈ શ્રીગોકુલેશ**

## ❖ ખેલના દર્શન ❖

**સાંજે ૬.૦૦ અડુકીઆ સ્કુલ ગ્રાઉન્ડ, રામગલી, શાંતીલાલ મોદી માર્ગ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. ખાતે શ્રી ઠાકોરજીના ખેલનાં દર્શન થશે. તેમજ શ્રી ઠાકોરજીના ધોળ-કીર્તન તેમજ રસીયા ગવાશે તો દરેક વૈષ્ણવોને ઉપરનાં દરેક પ્રસંગે ઉપસ્થીત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે. સર્વે વૈષ્ણવને સાંજે ૬.૦૦ કલાકે પ્રસાદ લેવા ભાવભીનુ આમંત્રણ છે.**

**લી. કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના**
**જૈ જૈ શ્રીગોકુલેશ**


શ્રી જતીન નવનીતલાલ દેસાઈ ના જે જે શ્રી ગોકુલેશ

# પોષી પૂનમ

વિક્રમ સંવતના ત્રીજા માસ-પોષ મહિનાની પૂનમ એટલે પોષી પૂનમ. આ પૂનમ પોષી મહિનાની છે માટે તેને પોષી પૂનમ કહે છે. સંવતના બધી પૂનમોના કોઈને કે કોઈ જુદાં જુદાં નામો છે. કારતક મહિનાની પૂનમ-કાર્તિકી પૂનમ, ફાગણ મહિનાની પૂનમ-ફાગણી પૂનમ કે ફાલ્ગુની પૂર્ણિમા, ચૈત્ર મહિનાની પૂર્ણિમા-ચૈત્રી પૂર્ણિમા, વૈશાખ મહિનાની પૂર્ણિમા-વૈશાખી પૂર્ણિમા, અષાઢ મહિનાની પૂર્ણિમા-ગુરૂ પૂર્ણિમા કે વ્યાસ પૂર્ણિમા, શ્રાવણ મહિનાની પૂર્ણિમા - બળેવ કે નાળિયેરી પૂનમ, આસો માસની પૂર્ણિમા-શરદ પૂર્ણિમા વગેરે. આમ વરસની અમુક પૂનમને જુદા જુદા નામથી ઓળખાય છે. તે જ રીતે પોષ મહિનાની પૂનમ પોષી પૂનમ છે.

ભાઈ-બહેનના પ્રેમ-સ્નેહના પ્રતિક રૂપે વરસમાં ત્રણ તહેવારો આવે છે. ભાઈ બહેનના ઘેર આવે છે ને રાખડી બાંધે છે તે તહેવાર એટલે રક્ષાબંધન કે બળેવપૂનમ. રાખડીના બદલામાં ભાઈ બહેનને યથાશક્તિ ભેટ આપે છે. દિવાળી પછી ભાઈબીજના દિવસે (કારતક સુદ બીજ) ભાઈ બહેનને ઘેર આવે છે. ભાઈ પોતાની બહેનને પોતાના પ્રેમના પ્રતીક રૂપે કાંઈક ભેટ આપે છે. ભાઈ બહેન આ દિવસે સુખદુઃખની વાતો કરે છે.

ત્રીજો તહેવાર પોષ સુદ પૂર્ણિમાના દિવસે કુંવારી બહેન ભાઈના સુખ, સંપત્તિ અને સમૃદ્ધિ માટે વ્રત રાખે છે તથા આ પૂર્ણિમાએ આખો દિવસ ઉપવાસ કરે છે. આ દિવસે ભાઈ બહેનના પ્રેમનું ઊંડું હાર્દ સમાયેલું છે. આ દિવસે કુમારિકા બહેન ભાઈ માટે ભગવાનને પ્રાર્થના કરે છે. તેના દીર્ઘાયુષ્ય માટે ભગવાનને અરજ કરે છે. આ દિવસ કુંવારી બહેન માટે મહત્ત્વનો ને મહાન દિવસ છે.

કાર્મેલ કોન્વેન્ટના શિક્ષિકા જયશ્રીબેન વેકરીયા પોષી પૂનમનું માહાત્મય સંક્ષિપ્તમાં આ રીતે રજૂ કરે છે.

‘પોષી પૂનમ ભાઈ-બહેનના હેતનું આગવું પર્વ છે. ભાઈ-બહેનના પ્રેમનું મંગલ પર્વ એટલે પોષી પૂનમ.

રાત્રે ચંદ્ર ઊગે ત્યારે બાજરાનો નાનો રોટલો, વચ્ચે કાણું પાડવામાં આવે, તેમાંથી બેન ચંદ્ર સામે જોઈને નીચેનું ગીત ગાય છે :

**‘પોષી પોષી પૂનમડી**
**અગાશીએ રાંધ્યા અન્ન**
**ભાઈની બહેન રમે કે જમે ?’**

આમ ભાઈ જમવાનું કહે તો બેન જમે, રમવાનું કહે તો આખી રાત બહેનને રમતું રહેવાનું છે.

બેન બપોરે ફરાળ કરે છે. જો ભાઈને બહેન પ્રત્યે ઈર્ષા કે અદેખાઈ હોય તો ભાઈ બહેનને રમવાનું કહે છે.

આ રીતે પોષી પૂનમનું હાર્દ છે. આખો દિવસ બહેન ભાઈનું સ્મરણ કરે છે. જે બહેનને ભાઈ હોતા નથી તે બહેન પોતાની દૂરના પિતરાઈ ભાઈ માટે આ વ્રત રાખે છે ને તેના માટે ભગવાન આગળ ભાઈના હેમક્ષેમની માગણી કરે છે. ☆☆☆☆




૨૬મી જાન્યુઆરીએ આપણું રાષ્ટ્રીય પર્વ છે. ઈ.સ. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીથી આપણાં રાષ્ટ્ર ભારતનું સ્વતંત્ર રાજ્યબંધારણનો અમલ થયો હતો. આ દિવસથી જ ભારત સૌથી મોટા લોકશાહી દેશનો વહીવટ 'પ્રજાના હાથમાં મૂકાયો.' આમ વધુ સારી ને સુંદર રીતે કહેવું હોય તો પ્રજાએ સત્તાનાં સૂત્રો સંભાળ્યા.

૨૬મી જાન્યુઆરીના દિવસે પણ આપણને સંપૂર્ણ આઝાદી મળી. એમાં બલિદાન દેનારા મહાપુરુષોનાં બધાં સંસ્મરણો અચૂક યાદ આવે છે. એમાં સૌથી વધારે આઝાદી મળી એના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહર નહેરુ યાદ આવે છે. સૌ પ્રથમ ઈ.સ. ૧૯૨૯માં જવાહરલાલ નહેરુએ કોંગ્રેસના લાહોર અધિવેશનમાં દેશની સ્વતંત્રતાની માગણી કરી હતી. પં. જવાહરલાલના મનમાં આઝાદ ભારતનાં અનેક સ્વપ્નો હતા. તેમણે જુદી રીતે ભારતની કલ્પના કરી હતી. એ ઈ.સ. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ ભારતનો લોકશાહી તરીકે દુનિયામાં જન્મ થયો.

જ્યારે પણ ૨૬મી જાન્યુઆરીનું પર્વ આવે છે ત્યારે શાળા, કૉલેજ, સંસ્થાઓ અને આખાય દેશમાં બીજા પણ એક મહાપુરુષનું સ્મરણ થયા વગર રહેતું નથી. આપણાં દેશનું બંધારણ ઘડનાર ડૉ. ભીમરાવ આંબેડકરે જે પ્રકારનું બંધારણ ઘડ્યું છે એમાં કોઈ ઝટ ફેરફાર કરી શકતું નથી. એમની મહેનતના ફળ-સ્વરૂપે દેશનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું. તેમને આપણા સંવિધાનના પિતા કહેવામાં આવે છે. દરેક વર્ષની ૨૬મી જાન્યુઆરી તેમના આ મહાકાર્યને સૌ લોકો આજે ય યાદ કરે છે. તેથી જ તો સરકારે ૧૪મી એપ્રિલે તેમના સન્માનમાં તેમની જન્મતિથિ ઉજવવા માટે જાહેર રજા આપીને દેશવાસી તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરે છે.

ડૉ. આંબેડકરની 'જીવન -ઝરમર' પુસ્તકમાં લખ્યું છે કે જ્યારે ડૉ. આંબેડકર ઈંગ્લેન્ડથી બેરિસ્ટર થઈને પોતાના દેશમાં આવ્યા ત્યારે વડોદરાના રાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના સંસર્ગમાં આવ્યા. આ રાજાએ ડૉ. આંબેડકરને ઓળખી લીધા. વડોદરામાં મોટી સત્તા પર બેસાડયા.

રાજા ગાયકવાડ માનતા હતા કે ડૉ. આંબેડકર દલિત હતા એટલા માટે તેમના જેવા પંડિત અને વિદ્વાન વ્યક્તિથી રાજ્યના શાસનથી દૂર રાખવા એ સારી બાબત નથી.

૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ ના દિનેથી બંધારણ પ્રમાણે આપણને બધી રીતે સ્વતંત્રતા મળી. આપણને સૌને લોકશાહીના તમામ અધિકારો પ્રાપ્ત થયા છે. આ માટે આપણે ડૉ. આંબેડકરનો આભાર માનવો જોઈએ. આ હતા મહાન રાષ્ટ્ર પુરુષ.

આપણા બંધારણને ઘડ્યે પણ અડસઠ વર્ષ પૂરાં થઈ ગયાં છે અને તેની સુવર્ણજયંતી પણ ઉજવાઈ ગઈ છે. બધા કહે છે કે જવાહરલાલ નહેરુએ ગણતંત્ર દિવસ તરીકે ૨૬મી જાન્યુઆરી પસંદ કરી હતી. આ દિવસે પ્રજાના હાથમાં સત્તાનાં સૂત્રો મૂકાયાં. આપણા દેશનો વહીવટ લોકશાહી રીતે થાય, તેને અનુરૂપ આપણું

બંધારણ ઘડાયું છે. આ બંધારણને સંવિધાન પણ કહેવામાં આવે છે. આ મોટા બંધારણમાં ભારતના નાગરિકોની ફરજો અને હક્કો પણ આપવામાં આવ્યા છે. આ બંધારણના ઘડવૈયા તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હતા. તેમણે સખત પરિશ્રમ કરી આ સંવિધાનને ઘડયું. બીજા અન્ય નેતાઓ પણ આ સંવિધાનને અમલ કરવામાં પોતાનો ફાળો આપ્યો હતો. એમાં સૌથી આગળ પંડિત જવાહરલાલ નહેરુ હતાં. જુદાં જુદાં પ્રદેશોમાંથી સાંસ્કૃતિક ટુકડીઓ આવી સાંસ્કૃતિક પ્રદર્શનો પણ ગોઠવે છે. અહીં દરેક વર્ષે લશ્કરની પરેડ પણ યોજાય છે અને આપણાં શસ્ત્રોના પ્રદર્શનો યોજાય છે. આ સમગ્ર કાર્યક્રમનું ટી.વી. પર જીવંત પ્રસારણ થાય છે. આપણાં દેશના બધા રાજ્યોમાં પાટનગરોમાં પણ ધ્વજવંદનના કાર્યક્રમો પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમો થાય છે. શાળાઓ, મહાશાળાઓ, સામાજિક સંસ્થાઓ, કચેરીઓમાં ધ્વજવંદનના કાર્યક્રમો થાય છે. કોઈ ઠેકાણે સભાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ થતા રહે છે. શાળાઓ અને બીજી સંસ્થાઓના લોકો આસોપાલવનાં તોરણો બાંધીને શણગારે છે.

શાળાના વિદ્યાર્થીઓ વહેલી સવાર ‘પ્રભાત ફેરી’ કે ‘સરઘસ’ પણ કાઢે છે. તેઓ શહેર કે ગામડાના જાહેર માર્ગો પર ફરતાં ફરતાં પોતાના બુલંદ અવાજે સૂત્રો પોકારે છે અને લોકોને જાગૃત કરે છે. શાળાઓમાં આ દિવસે ભુલકાઓની વેશભૂષા હરીફાઈ પણ યોજાય છે. એમાં ભૂલકાઓ દેશનેતાઓ, સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓ, શહીદવીરો બની જાય છે અને તેમનો આબેહૂબ અભિનય કરે છે. ✦✦✦✦

# દૈનિક ક્રિયાઓ

## સવારમાં જાગીને (ઉઠતા પહેલાં) -

પથારીમાં સીધા (ચત્તા) સુઈ ઉંડો શ્વાસ લેતા જમણાં હાથને માથા તરફ અને પગને જમીન (નીચે) તરફ ખેંચો, આ સ્થિતિમાં પાંચ-દસ સેકંડ રહી પછી હાથ પગને સામાન્ય સ્થિતિમાં લાવો. આ પ્રમાણે ત્રણ વાર દરરોજ કરવાથી લીવરની કાર્યક્ષમતા વધે છે.

આજ રીતે ડાબા હાથ અને પગને ખેંચવાથી પેનક્રિયાઝ અને પ્લીહા (બરોળ) ની કાર્યક્ષમતા વધે છે.

## દાતણ કે બ્રશ કર્યા પછી -

દાતણ કે બ્રશ કર્યા પછી મુખમાં ઠંડુ પાણી ભરી મોં બંધ કરી હાથમાં ઠંડુ પાણી લઈ ડાબી અને જમણી આંખ ખુલ્લી રાખી તે પાણીમાં બોળવી, મો તથા હાથમાં ત્રણવાર પાણી લઈ આ ક્રિયા કરવી આથી આંખના રોગ થતા નથી અને આંખની દ્રષ્ટિ સારી રહે છે.

સવારમાં એકાદ ગ્લાસ ઠંડુ (સાદુ) પાણી નાકથી પીવાથી દ્રષ્ટી સારી રહે છે. વાળ સફેદ થતા નથી. શરીરે કરચલી પડતી નથી અને ખાંસી થતી નથી. ઠંડુ પાણી માફક ન આવે તો સાધારણ ગરમ (હુંફાળુ-નવશેકુ) પાણી લઈ શકાય.

## જમવા સમયે -

૧. જમવાના સમયથી અડધો કલાક પહેલા એકાદ ગ્લાસ (૩૦૦ મીલી) પાણી પીવું સારા પાચન માટે લાભયાદી છે. વળી એસીડીટી થતી નથી.

૨. જમણો સ્વર ચાલતો હોય ત્યારે જમવું.

## ભોજન પછી -

૧. ભોજન પછી હાથ ધોઈ ભીની હથેળીઓને એકબીજા સાથે ઘસીને આંખો પર લગાડવાથી (અડકાડવાથી) આંખોની કાર્યશક્તિ વધે છે.

૨. જમ્યા પછી લઘુશંકા (પેશાબ) કરવો. આથી કીડનીના રોગ થતા નથી.

૩. જમ્યા પછી માથામાં કાંસકી ફેરવવી - બે થી ત્રણ મિનિટ. કાંસકી હાથીદાંતની હોય તો ઉત્તમ, લાકડાની મધ્યમ નહી તો પછી કોઈ પણ ચાલે. આથી બુદ્ધિ શક્તિ વધે છે.

૪. જમ્યા પછી સો એક પગલા ચાલવું.

૫. જમ્યા પછી ડાબા પડખે ચાર મિનિટ-જમણા પડખે બે મિનિટ અને ચત્તા (સીધા) સોળ મિનિટ સુવું. આમ કરતી વખતે પેટથી શ્વાસ લેવા અને નાભિ પાસે થતા ધબકારને નિરખવા. આમ કરવાથી ફક્ત પાચન કાર્ય સુધરે એટલું જ નહી પણ સામાન્ય શક્તિ પણ વધે છે.

## સામાન્ય જાણકારી -

૧. ડાબા પડખે સુઈ જનાર, બે સમય ભોજન કરનાર ૬ વાર મુત્રત્યાગ કરનાર, બે વાર મળત્યાગ કરનાર અને મર્યાદિત પાલન કરનાર સો વર્ષનું દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત કરે છે.

૨. ડાબો સ્વર ચાલતો હોય ત્યારે પાણી પીવું.

૩. કફને દુર કરવા ઉલટી (વમન), વાયુનો પ્રકોપ દૂર કરવા તેલની માલીશ અને પિત્તનો પ્રકોપ દૂર કરવા સૂઈ જવું. તાવને મટાડવા માટે ઉપવાસ ઉત્તમ છે.


૪. લઘુશંકા (પેશાબ) અને દીર્ઘશંકા (મળ વિસર્જન) કરતી વખતે દાંત ભીંસેલા રાખવા. આથી દાંતની મજબુતી વધે છે.

આ બધા પ્રયોગો નિયમિત રીતે કરવાથી જરૂર ફાયદો થાય છે.

# મંગળ દોષ કોને કહેવાય ? એટલે શું ?


# માંગલિક કુંડળી કોને કહેવાય ?

છોકરા ની કુંડળી




મંગળની નિશાની -

છોકરીની કુંડળી (છોકરાની કુંડળીની મિરર ઈફેક્ટ)




જન્મના ભાવથી આ પાંચ ભાવોમાં મંગળ બેઠો હોય તો કુંડળી માંગલિક કહેવાય છે.

કોઈપણ લગ્ન કુંડળીમાં ૧૨મે, ૧લે, ૪થે, ૭મે અને ૮મે જન્મનો મંગળ બેઠો હોય એને માંગલિક કુંડળી કહેવાય છે.

માંગલિક દોષ લગ્ન વખતે જોવાય. બાકી કોઈ હાની કરતો નથી. માંગલિક નિવારણ માટે સામે કન્યા-છોકરીની કુંડળીમાં નીચે દર્શાવેલ ભાવમાં શનિ અથવા મંગળ હોવો જરૂરી છે.

છોકરાની કુંડળીની મિરર ઈફેક્ટ પ્રમાણે છોકરીની કુંડળીમાં આ સાથે દર્શાવેલ ભાવમાં શનિ અથવા મંગળ હોવો જરૂરી છે.

## સંપર્કનો અસર

વિદ્વાનને વિદ્વાન મળે તો મહાસુખ પામે,
સાધુ સંગે સાધુ મળે તો મહાદુઃખ પામે,
પવિત્ર સંગ પવિત્ર મળે તો પુન્ય પ્રમાણ,
સાચા સાથે સાચા મળે તો જરા એ જાણે,
જૂઠા જનને જૂઠા જડે, વ્યસનીને વ્યસની મળે;
ગુણથી ગુણ મળતા જગતમાં,
સહેજે સ્વ્ભાવ જઈ ભળે.

## ઈશ્વર-સ્તવન

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ;
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ;
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ;
ભૂલ કરી કરીએ અમે, તો પ્રભુ કરજે માફ.

## સ્વચ્છતા

ચોખ્ખો મારો ઓટલો, ચોખ્ખો ઘરનો ચોક;
ચોખ્ખાં લૂગડાં જોઈને, ચોખ્ખું કે' સૌ લોક.
ચોખ્ખું મારું મુખડું, ચોખ્ખા મારા હાથ;
ચોખ્ખા મારા દિલમમાં રહે જગતના નાથ.

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

## શૈક્ષણીક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપરોક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૮-૧૯)ના શૈક્ષણિક સહાય લેવા બાકી રહેલા ઈચ્છુક વિદ્યાર્થી મિત્રોએ નીચે જણાવેલ સ્થળેથી અરજી પત્રક મેળવી લેવા અને સંપૂર્ણ વિગત સાથે ભરીને તેજ સ્થળે આપી જવા.

**અરજીપત્રક સંપૂર્ણ વિગત ભરીને પાછા આપવાનું સ્થળ :**

**૧. શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)**
બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી., ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪
**સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૩ થી ૫.૩૦ કલાક

**૨. શ્રી કીર્તિભાઈ કડકીઆ (લટકારી)**
શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે મળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
**સમય :** સોમવાર થી શનિવાર બપોરના ૪.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી

**વિદેશ જઈ અભ્યાસ કરનાર માટે ફોર્મ ભરવાનું સ્થળ :**

**૧. શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ**
શ્રીપતિ આર્કેડ, ૨૩મા માળે, એ.કે. માર્ગ, નાના ચોક, મુંબઈ-૪૦૦૦૩૬
**સમય :** સાંજે ૩ થી ૫

સંપૂર્ણ વિગત ભરેલા અરજી પત્રક મળ્યા બાદ દરેક અરજી પત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને શૈક્ષણિક સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે.

**મંજૂર થયેલ શૈક્ષણિક સહાયનો ચેક મેળવવાનું સ્થળ :**

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ :** બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
**સમય :** સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬ કલાક સુધી

**માનદ્ મંત્રીઓ - શ્રી જસ્મીન બી. શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦, શ્રી ધર્મેશ જે. શાહ - ૯૮૨૦૩૪૧૩૭૧**

---

# બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ
# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ

## અનુકરણીય દાન/વચન

સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

| | |
|---|---|
| ૧. શ્રીમતી કલાબેન મણિલાલ ધારિયા (શહેરાવાળા) હ.: શ્રીમતી ભારતીબેન સુરેશચંદ્ર ધારીયા | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૨. શ્રી સુમીત દિનકરલાલ ગાંધી (પાકા) તેમના પુત્ર મિતુલના લગ્ન પ્રસંગે | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૩. શ્રી જયેશ નવનીતલાલ પરીખ | રૂા. ૧૧,૧૧૧/- |
| ૪. શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ | રૂા. ૧૦,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. **કારોબારી સમિતિ વતી - જસ્મીન બી. શેઠ, ધર્મેશ જયંતીલાલ શાહ - માનદ્ મંત્રીઓ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર વાડાસિનોર દશાનીમા વણિક સમાજના નામી અનામી તારલાઓને જાહેર નિમંત્રણ

આપની ઉપલબ્ધિઓથી અમને વાકેફ કરો.

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર)**

**પુરસ્કૃત**

## TELENT APPRECIATION SCHEME

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગૌરવ કરવાની અમને તક આપો. આપની ઉપલબ્ધિઓ, આપના કુટુંબીજનો માટે તે ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજનો અને ભાવિ પેઢી માટે પમ પ્રેરકબળ બની રહેશે.

અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાચક, પોતાના સંબંધીઓના વર્તુળમાં આવાં કોઈપણ તારલા હોય તો એ વિષે અમને જાણ કરે અથવા તો તેઓને અમારાં સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.

વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમનાં સંતાનોની ઉપલબ્ધિઓ પણ સન્માનને પાત્ર છે.

**સંયોજક - શ્રી ચેતન મોદી**

**માનદ્ મંત્રીઓ - શ્રી જસ્મિન બી. શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦, શ્રી ધર્મેશ જ. શાહ - ૯૮૨૦૩૪૧૩૭૧**

---

# બાલાસિનોર મેડીકલ સેન્ટર
# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

**સર્વે જ્ઞાતિજનો,**

જણાવતા સહર્ષ આનંદ અનુભવીએ છે કે આજ રોજ બાદ આપણા સૌના દાંતોને લગતી વળગતી કોઈપણ બિમારીનો સરળ સચોટ અને કિફાયતી ઈલાજ આપણા જ સમાજના આગળ પડતા એક એવા ડૉ. જીનીશ અશીત પરીખ (B.D.S. Mumbai) દ્વારા સંભવ છે.

ઉપરોક્ત આપણી સંસ્થા ડૉ. જીનીશ અશીત પરીખ તેઓ સાથે વિચાર વિમર્શ બાદ આપ સૌને સુચીત કરે છે કે જે કોઈ જ્ઞાતિજન આપણા મેડીકલ સેંટર દ્વારા તેઓનો સંપર્ક કરે છે તે જ્ઞાતિજનને ડૉ. ની ફી ઉપર ૨૫ % ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.

જ્ઞાતિજનોએ આપણા મેડીકલ સેંટરમાંથી ડૉ. જીનીશ અશીત પરીખના ઈલાજ માટે પરચી મેળવવાની રહેશે.

તો આજ રોજ બાદ આપના દાંતોને લગતી વળગતી કોઈપણ બીમારીના ઈલાજ માટે આપણા મેડીકલ સેંટરનો જરૂરથી સંપર્ક કરશો.

## iSmile Dental Care Clinic

**Dr. Jimish Ashit Parikh B.D.S. (Mumbai)**

**શ્રી વાડાસિનોર દશિનામા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ વતિ**

**શ્રી નિમિષ કડકિઆ, શ્રી મંજુલ ધારીયા - માનદ્ મંત્રીઓ**

જાહેર વિનંતી

# બાલાસિનોર વિદ્યામંડળ

જાહેર નિમંત્રણ

આ નિમિત્તે જો મંડળના કારોબારી સભ્યો આપ સૌ દાતાશ્રીઓનો સંપર્ક કરે તો તેમને પુરતો પ્રતિસાદ આપવા નમ્ર વિનંતી.

આવતા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી સાયન્સ અને IT સાયન્સ કોલેજ કાર્યરત કરવાની કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ છે. આ માટે આ દાતાશ્રીઓ, શુભેચ્છકોનો અને મંડળને ચૈતન્યવંત બનાવવામાં સીધી/આડકતરી, પરોક્ષ/અપરોક્ષ રીતે સંયોજીત/અસંયોજીત રહીને યોગદાન દેનારા સહુનો જાહેરમાં આભાર વ્યક્ત કરીએ છીએ.

**''દાતા ભવતિ વા ન વા''**
**સો માણસોમાં એકાદ જ શૂરવીર મળે**
**હજારોમાં એકાદ જ વિદ્વાન હોય,**
**દસ હજારે એક સારો વક્તા હોય,**
**જ્યારે દાનવીર તો હોય કે ન હોય....**
**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

## સંગીતા કિરણ દોશી
## વ્યાખ્યાન માળા મણકો : ૩૮

**વક્તા** : માનનનીય શ્રી નરેશભાઈ વેદ
**વિષય** : આજનો કૃષ્ણ
**તારીખ** : ગુરુવાર, ૧૪ માર્ચ, ૨૦૧૯
**સમય** : ૫.૩૦ થી ૭.૩૦
**સ્થળ** : લાયન્સ કલબ હોલ, તળાવ દરવાજા, બાલાસિનોર

સૌને હાજર રહેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

# જાહેર નિમંત્રણ

**બાલાસિનોર વિદ્યામંડળ, બાલાસિનોર**
**સંચાલિત**
**સી.એન્ડ એસ.એચ. દેસાઈ આર્ટસ**
**એન્ડ**
**એલ.કે.એલ. દોશી કોમર્સ કોલેજ, બાલાસિનોર**
**(શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી, ગોધરા સંલગ્ન)**
**બાલાસિનોર – ૩૮૮૨૫૫**

## સુવર્ણ જયંતિ સમારોહ

**તારીખ** : રવિવાર, ૨૪ માર્ચ, ૨૦૧૯
**સમય** : સવારે ૧૦.૦૦ થી ૦૧.૦૦
**વિષય** : ગુજરાતી નાટક
(નામ પછીથી જાહેર કરવામાં આવશે)
**સ્થળ** : બિરલા સભાગૃહ, મુંબઈ

(આ માટેના પ્રવેશપત્ર શ્રી કિર્તીભાઈ કડકીઆ દ્વારા બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસ મુંબઈ ખાતેથી વહેંચવામાં આવશે. જેની જાહેરાત આવતા મહિને કરવામાં આવશે.)

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧) **ઈકો કેમ્પ :** તા. ૧૬-૧૨-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૧ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

૨) **છારી કાઢવાનો કેમ્પ :** તા. ૨૧-૧૨-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૮ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૩) **કલાવતીબેન કાંતિલાલ મહેતા સ્ત્રીરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ :** તા. ૪-૧૨-૨૦૧૮ તથા તા. ૫-૧૨-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ કુલ ૮૪ દર્દીઓને તપાસેલા તે પૈકી ૨૧ દર્દીઓના લેબોરેટરી ટેસ્ટ તથા એક્ષ રે રૂા. ૭૮૬૫/- ના ફ્રી કરવામાં આવેલ. તે પૈકી જરૂરીયાતવાળા ૧૬ દર્દીઓના ઓપરેશન ફ્રી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના રૂા. ૧,૧૨,૦૦૦/- ફ્રી કરવામાં આવશે.

૪) **શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ :** તા. ૧૧-૧૨-૨૦૧૮ તથા તા. ૧૨-૧૨-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૭૮ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને સાત દિવસની દવાઓ રૂા. ૧૩૭૪૯/-ની ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં વિવિધ વિભાગના નિષ્ણાંત ડોક્ટરોની સેવાઓ મળેલ.

૫) **શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પ :** તા. ૨-૧૨-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૮૧ દર્દીઓએ લાભ લીધેલ. તે પૈકી જરૂરીયાતવાળા દર્દીઓને સાત દિવસની રૂા. ૮,૦૦૦ ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં નડીઆદ મહાગુજરાત મેડીકલ સોસાયટીના ડૉ. બિરજુ એસ. શાહ ઑ(કાર્ડીઓથારાસીક એન્ડ વાસ્ક્યુલર સર્જન) એ સેવાઓ આપેલ.

## શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલા દાન :

| | | |
|---|---|---|
| ૧. | શ્રી જીતેન્દ્રભાઈ ચીમનલાલ કચેરીયા તરફથી (સાધનદાન પેટે) | રૂા. ૨૦૦૦૦૦/- |
| ૨. | શ્રી પરીમલ કે. દોશી | રૂા. ૫૦૦૦૦/- |
| ૩. | શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ | રૂા. ૫૦૦૦૦/- |

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજના હેઠળ નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન/વચન મળેલ છે.**

| | | |
|---|---|---|
| ૧. | સ્વ. તારાબેન શાંતીલાલ કડકીઆના પરિવાર તરફથી (૩ મિતિ) | રૂા. ૩૩૦૦૦/- |
| ૨. | એક અનામી દાતા | રૂા. ૨૫૦૦૦/- |

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

### બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ
### શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ
### સુધારો
### અનુકરણીય દાન/વચન

નવેમ્બર ૨૦૧૮ના જ્યોતિપુંજમાં છાપેલ દાનની નામાવલીમાં નીચે મુજબનો સુધારો કરવા વિનંતી.

૧) **શ્રી રમેશચંદ્ર ચિમનલાલ શાહ (હાથીખાનાવાળા) હસ્તે શ્રીમતી સુર્યાબેન રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા)** તરફથી Education Scheme for Entrance Test (GRE, TOEFL, GMAT, IELTS, JEEE, NIIT) માટે. રૂા. ૭,૫૦,૦૦૦/-

**કારોબારી સમિતિ વતિ - જસ્મિન બી. શેઠ, ધર્મેશ જયંતીલાલ શાહ - માનદ્ મંત્રીઓ**

# જાગ મુજ વા'લા બાળ

જાગ મુજ વા'લા બાળ, પંખી વન બોલે. (ટેક)
વા'ણું થયું વીતી રાત, પૂર્વે થયો ઝગઝગાટ;
રંગ દીસે ભાતભાત, ઝાડપાન ડોલે. જાગ...
કૂકરે કૂક કૂકડા, કા કા કરે કાગડા;
મેના પોપટ ફૂટકા, મોરી મધુર બોલે. જાગ...
ચંદ્ર તેજ ફીકું પડયું, તારા તેજ ઊડી ગયું,
ચોરમોઢું કાળું થયું, ખૂણા ખાંચા ખોળે. જાગ...
ભક્તજનો ધરે ધ્યાન, ગવૈયાઓ કરે ગાન;
દાતા દીએ રૂડું દાન, મુલ્લાં બાંગ બોલે જાગ...
સૂરજતણો ઉદય થયો, રાતનો અંધકાર ગયો;
ભ્રમર ગૂં ગૂં કરી રહ્યો, કમળપત્ર ખોલે જાગ...
તડકો જેમ વધતો જાય, માણસો ઉમંગી થાય;
આકાશે પંખેરું ધાય, ઢોર ચારો ખોળે જાગ...
ઝાડ, વેલી, ફળને ફૂલ, ધીમે ખીલે નહિ ભૂલ;
ખાવા જાય તાજાં તૂલ, પક્ષી બહુ ટોળે જાગ...
ઊઠ વીરા મગન થઈ, પ્રભુ કેરું નામ લઈ;
વાચં પાઠ ધ્યાન દઉ, એમ માત બોલે જાગ...

---

# સુસંસ્કાર પ્રાર્થના

પરોઢિયે નિત ઊઠીને લેવું ઈશ્વર નામ;
દાતણ કરી નાહ્યા પછી કરવા પાઠ તમામ;
કહ્યું કરો મા બાપનું, દો મોટાંને માન;
ગુરુને બાપ સમા ગણો મળશે સારું જ્ઞાન.
જુઠું કદી ન બોલવું, તજવું આળસ અંગ,
હળીમળી ને ચાલવું રાખો સારો સંગ.
આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ;
ઘાસઘાસની પાસ પણ, વિશ્વપતિનો વાસ;
ભોંયમાં પેસી ભોંય રે, કરીએ છાની વાત;
ઘડીએ મનમાં ઘાટ તે, જાણે જગનો તાત;
ખાલી જગ્યા ખોળીએ, કણી મૂકવા કાજ;
ક્યાંયે જગતકર્તા વિના, ખાલી ના મળે ઠામ.

**સંઘની ઓફિસમાં તથા જ્યોતિપુંજમાં**

**હર્ષોલ્લાસ**

**જ્યોતિપુંજની કમિટી મેમ્બર**
**શ્રીમતી નિમીષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)**
**મહારાષ્ટ્ર સ્ટેટ લેવલની 'કિર્તન' ની પરિક્ષામાં**
**પ્રથમ ક્રમાંકે પાસ થાય છે.**
**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા**
**જ્યોતિપુંજ વતી હાર્દિક અભિનંદન.**

**મંત્રી- ભાવેશ મોદી તંત્રી - બંકિમ પરીખ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

❖ **શ્રી કિરીટ રમણલાલ ધારીયા**
**શ્રી સંજીવ કિરીટ ધારીયા**
૧૫૦૨-'સી, લોઢા બેલિસીમો,
સી-એચ-એસ.લી. મહાલક્ષ્મી (ઈસ્ટ),
એપોલો મિલ કંપાઉન્ડ, એન.એમ. જોષી માર્ગ,
મુંબઈ - ૪૦૦૦૧૧
**ફોન : (૦૨૨-૨૩૦૦૪૭૦૧)**
**પ્રતિમા - ૯૮૨૦૧૫૨૬૪૪**
**પારૂલ - ૯૩૨૦૩૩૧૩૩૩**

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ નટવરલાલ ચંદુલાલ મોદી | ૯૮ |
| ❖ ગં.સ્વ. કોકીલાબેન બાબુલાલ પરીખ (હૈદ્રાબાદવાળા) | ૮૯ |
| ❖ શરદભાઈ પુનમચંદ કડકીઆ (ઠોકરસીવાળા) | ૭૮ |
| ❖ મીનાબેન પ્રફુલભાઈ કડકીયા (ઓટલાવાળા) | ૫૫ |
| ❖ ગં.સ્વ. કોકીલાબેન વિનયકાંત દેસાઈ (પેઢીવાલા) | ૮૩ |
| ❖ રજનીકાંત કાંતિલાલ કડકીઆ (લટકારી) | ૮૫ |
| ❖ સંજય બાબુલાલ ગાંધી (પાકા) | ૬૦ |
| ❖ શૈલેન્દ્ર પુર્ણેન્દુભાઈ ત્રિવેદી | ૫૧ |
| ❖ મુકેશભાઈ રમણલાલ પરીખ (લહાપારેખ) | ૭૦ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**